

# પેન્ટ્સ

આ ટ્યુટોરિયલમાં, તમે કોઈપણના માટે આરામદાયક પેન્ટ કેવી રીતે બનાવવા તે શિખશો.



શું તમે ક્યારેય એવી પેન્ટની જોડી માટે શોધ કરતાં રહ્યા છો જે તમારા ફિટ અને પર્ફેક્ટ પણ લાગે? હવેની વખતે તેવી માયાવી પેન્ટ માટે બહાર જઈને સમય વેડફવાના બદલે બસ તમારું મશીન લઈ આવો અને તમારી જાતે જ તે બનાવતા શિખી લો. હા, તે સૌ પહેલી વાર તેને બનાવવી પડકારજનક હોઈ શકે, પણ મને ખાતરી છે કે તમે આ પડકારને સ્વીકારીને ખુશ થઈ જશો.

અહીં એક સરળ ટ્યૂટોરિઅલ આપવામાં આવ્યું છે જે તમને તમારી પસંદની આ પેન્ટ્સ બનાવવામાં મદદ કરશે.

તમારે જોઈશે 2.5 મીટરનું કપડું, પેન્ટ માટેનું ટેમ્પ્લેટ જે તમે અમારી વેબસાઈટ ushasew.com પરથી ડાઉનલોડ કરી શકશો, ઈલાસ્ટિક, દોરી, ઈલાસ્ટીકને પસાર કરવા માટે સેફ્ટી પિન્સ, કાતરની એક જોડ, ટેપ અને માર્કિંગ પેન.

આ ટેમ્પ્લેટ એક્સ્ટ્રા સ્મોલ સાઈઝ ખરીદતી વ્યક્તિ માટે છે.

હવે ફોલ્ડેડ કપડાંને ટેબલ પર સવળી બાજુઓ સાથે રહે તેમ સપાટ રાખો. પછી કપડાંની ઉપર ટેમ્પ્લેટ પાથરો અને પિન કરો.



હવે આપણે ફટાફટ ટેમ્પ્લેટના માપ અને કટ્સ તરફ જઈશું.

સિમ્સ માટે તમારી પાસે પૂરતું કપડું છે તેની ખાતરી કરવા માટે – આ પૂર્ણ લંબાઈ છે + 4 ઈંચ એટલે કે ટોપ કેસિંગ અને બોટમ હેમ એલાઉન્સ, ઉપરી કિનારીથી ક્રોચની ઊંડાઈ ¼ ઈંચ હિપ + 4 ઈંચ જેમાં ઈઝ અને કેસિંગ એલાઉન્સ શામેલ છે. તે જ રીતે ક્રોચ લેવલ માટે આ બંને માપો ને કેન્દ્ર રેખાની કોઈપણ સાઈડ પરથી લો. આ એક કર્વ્ડ ક્રોચ લાઈન છે.






કપડાંની ઉપર ટેમ્પ્લેટની કિનારીઓને માર્ક કરી લો. માર્ક કરેલ લાઈનની સાથે કાપો. ટેમ્પ્લેટને અનપિન કરો. આપણે સીમની સિલાઈ કરીને શરૂ કરીશું જે પેન્ટ્સની ક્રોચ બનાવશે. આ કર્વ્ડ ક્રોચ લાઈન છે. કપડાના બંને લેયરને એક સાથે પિન કરો. આ જ રીતે ચાલુ રાખો.



સ્ટ્રેટ સ્ટીચ માટે પેટર્ન સિલેક્ટર ડાયલ ને A તરફ ફેરવો અને સિલાઈની લંબાઈ અઢી કરીને તમારા મશીનને સેટ કરો. લોકસ્ટીચથી શરૂઆત કરો... અને પૂર્ણ પણ લોકસ્ટીચથી જ કરવાનું યાદ રાખો. જેમ જેમ તમે સિલાઈ કરતા જાઓ તેમ તેમ પિનને બહાર કાઢવાનું યાદ રાખો. એક બાજુ સિલાઈ પૂર્ણ થયા બાદ, બીજી બાજુ સિલાઈ કરો.

હવે ઓવર-એજિંગ માટે પેટર્ન સિલેક્ટર ડાયલને C પર ફેરવી ઝીગ-ઝેગ સ્ટીચ સિલેક્ટ કરો. સ્ટીચ લેન્થ દોઢ રાખો. બંને બાજુ સિલાઈ કરો. આ તમારા ગારમેન્ટને સરસ ફિનિશ અને મજબૂતી આપશે તથા ખાતરી આપશે કે તમે કોઈ શરમજનક વોર્ડરોબ માલફંક્શનનો ભોગ ન બનો! પેન્ટ્સની જોડીનો આકાર મેળવવા માટે તેમની સવળી બાજુઓ એકબીજાની સામે હોય તે રીતે બંને કિનારીઓને એક સાથે મેચ કરો... આ રીતે.



આ તમારા પેન્ટની અંદરના પગ છે.. પેન્ટની અંદરના પગોને એક સાથે સંરેખિત કરો અને પિન કરો.અંદરની લંબાઈને સીવવા માટે, પેન્ટની જોડીને તમારા સિલાઈ મશીન પર લો..

સીધા ટાંકા માટે પેટર્ન સિલેક્ટર ડાયલને A પર કરો અને અંદરની સિલાઈ કરવા માટે સ્ટીચ લેન્થ અઢી રાખો. શરૂઆત અને અંતમાં રિવર્સ સ્ટીચ કરવાનું યાદ રાખો.



જેમ તમે સીવતા જાઓ તેમ પિન બહાર કાઢતા જાઓ.. હવે ઓવર-એજિંગ માટે ફરીથી ઝીગ-ઝેગ સ્ટિચનો ઉપયોગ કરો. પેટર્ન સિલેક્ટરના ડાયલને C પર ફેરવો અને સ્ટીચ લેન્થને દોઢ રાખો.

અંદરની લંબાઈની સિલાઈ કરો. બીજી બાજુ પણ એવું રિપીટ કરો. હવે આપણે બોટમ્સ અને કમર બેન્ડને સીવવાનું કામ કરીશું






બોટમ એજને ½ ઈંચથી ફોલ્ડ કરો અને ત્યારબાદ 1 ઈંચથી અને, પિન કરી લો. બીજી બાજુએ પણ એ રિપીટ કરો. તે જ રીતે, ટોપ ઉપર ½ ઈંચથી અને સવા ઈંચે ડબલ ફોલ્ડ કરો. ત્યાં પિન કરી લો. કમરબંધ પર સિમ અલાઉન્સને સમાન એક અનુરૂપ પોઈન્ટ બનાવો. તે પોઈન્ટ પરથી સવા ઈંચ માપો અને માર્ક કરો.



આ આપણાં માટે ઈલાસ્ટિક પસાર કરવા માટેનું ઓપનિંગ બનશે.

તમારા સિલાઈ મશીન પર પેટર્ન સિલેક્ટરને A પર ફેરવો અને સ્ટીચ લેન્થને અઢી પર કરો.





મુક્ત આર્મ સિલાઈ માટે સિલાઈ મશીનનો સામેનો ભાગ કાઢો. ફોલ્ડ કરેલી બોટમ સિવિ લો. સિલાઈ કરતાં જાઓ તેમ પિન કાઢતા જાઓ.






બંને બાજુની બોટમ સિવિ લીધા પછી, સિલાઈ મશીનનો સામેનો ભાગ ફરીથી એટેચ કરો.

હવે કમરબંધ પર જઈએ. એક માર્ક કરેલ પોઈન્ટથી બીજા પોઈન્ટ સુધી, માર્ક કરેલા બધા જ પોઇંટ્સ વચ્ચે એક નાનું ઓપનિંગ બાકી રાખીને, બધે જ સીવતા જાઓ.



કમરની લંબાઈ સામે ઈલાસ્ટિક માપો – તે સામાન્ય રીતે કુલ કમર કરતાં અડધાથી એક-બે ઈંચ વધારે હોવું જોઈએ.

માપ પર કાપી લો. કમરબંધ ઓપનિંગ મારફત સેફ્ટી પિનની મદદથી ઈલાસ્ટિક દાખલ કરો. ઈલાસ્ટિકની આખી લંબાઈ તેની અંદર ન જતી રહે તે માટે તેની કિનારી પર પિન કરો. ઈલાસ્ટિક અંદર આવી ગયા પછી બંને છેડાને એક સાથે ઓવરલેપ કરીને પિન કરી લો.




ઈલાસ્ટિકના છેડાઓને એકસાથે સિવિ લો... જે રીતે આ એક બોક્સ માં છે. આ પહેલેથી સિવેલી લાઈન પર સિવિ લો. વધારાની દોરીઓને ટ્રિમ કરી લો. ઈલાસ્ટિકને કમરબંધની અંદર દાખલ કરો. ઓપનિંગને થોડા ટાંકા લઈને બંધ કરી દો. બંને છેડે લોકસ્ટીચ કરવાનું યાદ રાખો.



વધારાના દોરાઓને ટ્રિમ કરી લો. પેન્ટની સવળી બાજુને બહાર તરફ ફેરવી લો. તેને બરાબર ઈસ્ત્રી કરો અને ટ્રાય કરી જુઓ... પડકાર જીતી ગયા!

હવે તમારે ક્યારેય એક પરફેક્ટ પેન્ટની જોડી શોધવાનું સ્ટ્રેસ લેવાની જરૂર પડે, કારણ કે તમે હમણાં જ તમારું પોતાનું પરફેક્ટ પેન્ટ સિવ્યું છે! આવું કરવામાં મજા જ આવે, કે નહીં!